
# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ * અંક-૭ * માર્ચ, ૨૦૧૨



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* તૃષ્ણાકી આગસે પીડિત મન અતિશય કરકે જલા કરતા હૈ. સંતોષરૂપી જલકે બિના ઉસ જલનકા શમન નહીં કિયા જા સકતા. ૧૨૫૯.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૪૫)*

* હે સરસ્વતી! જે તારું તેજ ન દિવસની અપેક્ષા રાખે છે કે ન રાત્રિની ય અપેક્ષા રાખે છે, ન અભ્યંતરની અપેક્ષા રાખે છે અને ન બાહ્યની પણ અપેક્ષા રાખે છે; તથા ન સંતાપ કરે છે અને ન જડતા પણ કરે છે; તે સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરનાર તારા તેજની હું સ્તુતિ કરું છું. ૧૨૬૦.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૨)*

* પૂર્વ પરિણામયુક્ત દ્રવ્ય છે તે તો કારણભાવથી વર્તે છે તથા તે જ દ્રવ્ય ઉત્તર પરિણામથી યુક્ત થાય ત્યારે કાર્ય થાય છે એમ તમે નિયમથી જાણો. ૧૨૬૧.

*(શ્રી સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા ગાથા-૨૩૦)*

* ઈસ સંસારચક્રમેં ઘૂમતે હુએ ઈસ જીવને એકેન્દ્રિયસે લેકર પંચેન્દ્રિય તક ઐસા એક ભી શરીર નહીં કિ જો ઈસ જીવને ધારણ નહીં કિયા. ઈસ સંસારમેં ઐસા કોઈ સુખ નહીં જો ઈસ જીવને નહીં ભોગા. ઐસી કોઈ ગતિ નહીં જો ઈસ ગતિમાન જીવને ધારણ નહીં કી. ઐસા કોઈ રાજવૈભવ નહીં જો ઈસ જીવકો પરિચિત નહીં, ઈસ જીવને ભોગા નહીં. ઐસા કોઈ ચેતન-અચેતન પદાર્થ યા ક્ષેત્ર નહીં જો ઈસ જીવકો પરિચિત-અનુભૂત નહીં હૈ. ૧૨૬૨.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૨૪૮)

* આચાર્ય કહતે હૈં કિ—દેખો...જિસકા નિયમસે મોક્ષ હોના હૈ....ઔર જો ચાર જ્ઞાન—મતિ, શ્રુત, અવધિ ઔર મનઃપર્યય ઈનસે યુક્ત હૈ ઐસે તીર્થંકર ભી તપશ્ચરણ કરતે હૈ. ઈસ પ્રકાર નિશ્ચયસે જાનકર જ્ઞાનયુક્ત હોને પર ભી તપ કરના યોગ્ય હૈ. ૧૨૬૩. *(શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૬૦)*

* જે સમયે તપસ્વી અંતરાત્માને મોહવશાત્ રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય તે જ સમયે તપસ્વીએ શુદ્ધાત્મસ્વરૂપની ભાવના કરવી. એમ કરવાથી રાગ-દ્વેષાદિ ક્ષણવારમાં શાન્ત થઈ જાય છે. ૧૨૬૪. *(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૩૯)*

*

દંસણમૂલો ધમ્મો । ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ-૬
અંક-૭

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૮
March
A.D. 2012




પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
શ્રીમુખેથી વિવિધ પ્રસંગે વહેલાં

# તત્ત્વબોધક વચનામૃત

**શ્રોતા : પૂજ્ય ગુરુદેવનું ટેપરેકોર્ડેડ પ્રવચન સાંભળતાં તથા આત્મધર્મ વાંચીએ ત્યારે ઊંડાણથી એમ થાય છે કે આત્મા પ્રાપ્ત કરી લેવો જ છે પણ પછી પ્રયત્ન ચાલતો નથી.**

પૂજ્ય બહેનશ્રી : આત્મા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રયાસ કર્યા કરવો, થાકવું નહિ. વાંચવું, વિચારવું, મહિમા કરવી ને વારંવાર તેનો અભ્યાસ કરવો કે હું ચૈતન્ય જુદો છું.

જેમ ભગવાનના મંદિરનાં બારણાં ન ખૂલે ત્યાં સુધી ભગવાનના મંદિરે ટહેલ મારે ને ટહેલ મારવી ન છોડે તો ભગવાનના મંદિરનાં બારણાં ખૂલતાં દર્શન થાય છે, તેમ હું ચૈતન્ય છું, બીજું કાંઈ હું નથી એમ વારંવાર અભ્યાસ કરે તો જરૂર આત્માનાં દર્શન થાય. જ્યાં સુધી આત્માનાં દર્શન ન થાય ત્યાં સુધી ઉતાવળ કે આકુળતા ન કરે પણ તેની મહિમા કરે. ૧.

**શ્રોતા :—સમ્યગ્દષ્ટિ ધર્માત્મા પ્રત્યે સાચી અર્પણતા હોય તો કાર્ય થઈ જાય ને? એ અર્પણતાનો મર્મ શું છે તે આપ સમજાવશોજી.**

પૂજ્ય બહેનશ્રી :—પૂજ્ય ગુરુદેવે આત્માનું અપૂર્વ સ્વરૂપ સમજાવ્યું છે કે આત્મા જુદો છે, શરીર જુદું છે, વિકલ્પ જુદો છે એવું ભેદજ્ઞાન કરીને તું દ્રવ્યદૃષ્ટિ કર. ગુરુએ જે બતાવ્યું છે અને ધર્માત્મા કહે છે તે બધાનો તેને સ્વીકાર છે. જેણે અંતરમાંથી ગુરુને સ્વીકાર્યા તેને ભવનો અભાવ થયા વગર રહે નહિ.

મૂળ પ્રયોજનભૂત જે સ્વરૂપ છે તે ગુરુદેવે બતાવ્યું છે. જે ભગવાનના દ્રવ્ય- ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે અને જે આત્માને જાણે તે ભગવાનને જાણે. તેમ જેણે ગુરુને સ્વીકાર્યા તે પોતાને સ્વીકારે છે—અને પોતાને સ્વીકારે છે તે ગુરુને સ્વીકારે છે. એવી અર્પણતા અંદરમાંથી આવે તો વિકલ્પનું સ્વામીપણું તેને છૂટી જાય છે. હું વિકલ્પથી જુદો, વિકલ્પ મારું સ્વરૂપ નથી, વિકલ્પનો હું સ્વામી નથી. જો ખરી અર્પણતા હોય તો પૂજ્ય ગુરુદેવ કહે છે તેવી પોતાની પરિણતિ થઈ જાય છે. બુદ્ધિથી નહિ, પણ અંતરથી થઈ જાય છે તે અર્પણતા જુદી જાતની હોય છે. તેને બધા વિકલ્પની અંદર બધી અર્પણતા જ હોય છે. ૨.

**શ્રોતા :—તત્ત્વની વાતમાં અર્પણતા હોય કે વ્યવહારની વાતમાં પણ અર્પણતા હોય?**

પૂજ્ય બહેનશ્રી :—અર્પણતા બધામાં હોય. વળી આમાં વાયદા હોતા નથી. અર્પણતામાં વાયદા કે કાયદા હોતા નથી. તત્ત્વની જ અર્પણતા હોય અને બીજી અર્પણતા ન હોય તો વ્યવહારની વાતોમાં પોતે ડાહ્યો થઈ ગયો, વ્યવહારની વાતમાં મને ખબર પડે અને તત્ત્વની વાતમાં ગુરુને ખબર પડે, એવું ડહાપણ રહેવા દે. ગુરુ કહે દિવસ છે તો દિવસ ને રાત છે તો રાત. એવી અર્પણતા હોવી જોઈએ.

જે મુક્તિના પંથે ચાલ્યા, મુક્તિના પંથે જેની પરિણતિ ગઈ તે જ્ઞાનીના વિકલ્પ અને પરિણતિ બધું યથાર્થ છે. તે ગ્રહણ કરવામાં પોતાને લાભ છે. જે સાધકદશામાં રહેલા હોય તેનું અંદરનું ને બહારનું બધું સ્વીકાર્ય છે. આત્માર્થીને બધા આગ્રહો છૂટી જાય છે, તેને કોઈ જાતનો આગ્રહ રહેતો નથી કે વ્યવહારમાં આમ હોય અને નિશ્ચયથી આમ હોય. આત્માર્થીને મન-વચન-કાયાથી બધું છૂટી જાય છે. ૩.

**શ્રોતા : ભાવના તો છે કે પલટો ખાવો છે પણ પુરુષાર્થ ઊપડતો નથી.**

પૂજ્ય બહેનશ્રી : બેડીથી મૂંઝાયેલો હોય તે બેડી તોડવાનો માર્ગ ગોત્યા વગર રહેતો જ નથી. પોતે મૂંઝાણો છે કે આ બેડી કેમ તૂટે? તો તેનો માર્ગ ગમે તેમ કરીને અને ગમે તે સાધનો ભેગાં કરીને તોડ્યા વગર રહેતો જ નથી. તેમ ખરો મૂંઝાયેલો હોય તે છૂટ્યા વગર રહેતો જ નથી. ખરી પોતાને અંદરથી લાગી નથી, તીવ્ર તાલાવેલી નથી. ખરી લાગે તો તોડવાનો પ્રયત્ન પોતે જ કરે છે. ૪.

**શ્રોતા : શું આત્મા પ્રાપ્ત કરવા તીવ્ર પુરુષાર્થની જરૂર છે?**

પૂજ્ય બહેનશ્રી : (હા), તીવ્ર પુરુષાર્થની જરૂર છે. જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય અને ન થાય તો તેને માટે તીવ્ર પુરુષાર્થની જરૂર છે. પુરુષાર્થ કરે તો થાય જ, ન થાય તેવું

નથી, પણ પોતે કરતો નથી. અનંતા જીવો પુરુષાર્થ કરીને મોક્ષ ગયા છે. પર અને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ દિવસ અને રાત ચાલ્યા કરે છે. તેમાંથી છૂટો પડીને જ્ઞાયકનો અભ્યાસ અમુક પ્રકારે કરે છે પણ તેનો અભ્યાસ અંદરથી સતત કરે તો થાય. સતત અભ્યાસ ક્યારે થાય? કે લગની લાગે તો થાય. ૫.

**શ્રોતા : સમ્યગ્દર્શન થયા પહેલાં સ્વભાવનો મહિમા આવે?**

પૂજ્ય બહેનશ્રી : સ્વભાવનો યથાર્થ મહિમા વિકલ્પ તૂટે ત્યારે આવે છે. પણ તે પહેલાં વિચાર કરી નિર્ણય કરે તેમાં પણ તેને મહિમા તો આવે છે. યથાર્થ મહિમા તો સ્વરૂપમાં લીન થાય, સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય ત્યારે આવે છે, છતાં પોતે વિચારીને નક્કી કરે છે તેમાં પણ મહિમા આવે છે. ૬.

**શ્રોતા : શું તેણે પ્રયત્ન ચાલુ રાખવો?**

પૂજ્ય બહેનશ્રી : તેણે પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. જે ચારે બાજુથી ઊપડ્યો ન હોય ને કોઈ કારણસર ઊપડ્યો હોય તેને પુરુષાર્થ મંદ થવાનું કારણ બને છે. જે ચારે પડખેથી ઊપડ્યો હોય તેને પુરુષાર્થની ધારા ચાલે છે. તો પણ, પુરુષાર્થ તો તેને ઠેઠ સુધી અપડિવાહી—અપ્રતિહતધારાએ કરવો. ૭.

**શ્રોતા : સમ્યગ્દર્શન ટકાવી રાખવું વિકટ છે?**

પૂજ્ય બહેનશ્રી :સમ્યગ્દર્શન પામવું વિકટ છે અને ટકાવી રાખવું તે પણ પુરુષાર્થ માંગે છે. પામ્યા પછી ટકાવી રાખવું તેના કરતાં પામવું વધારે વિકટ છે. સમકિત પામ્યા પછી ટકાવવાનું વિકટ છે, પણ જેને પુરુષાર્થ ચાલતો હોય તેને વિકટ નથી. જેનો પુરુષાર્થ છૂટી જતો હોય તેને ટકાવવું વિકટ છે. જે અપડિવાહીએ—અપ્રતિહતધારાએ ઊપડ્યો હોય, ચારે પડખેથી ઊપડેલો હોય, તેને ટકાવવું વિકટ નથી, પણ જે ચારે પડખેથી ઊપડ્યો ન હોય તો તેને વિકટ છે. છતાં પણ પહેલી ભૂમિકા વધારે વિકટ છે. અનંતા જીવોએ ભેદજ્ઞાન પ્રગટ કર્યું, ચારિત્રદશા પ્રગટ કરી અને મોક્ષે ગયા. કારણ કે પોતાનો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ હોવાથી વિકટ હોવા છતાં, ન બની શકે તેવું નથી. પોતે પુરુષાર્થ કરે તો થઈ શકે તેવું છે. ૮.

**શ્રોતા : માર્ગની શરૂઆત જ અઘરી છે કે આખો માર્ગ જ એ પ્રમાણે પુરુષાર્થ માંગે છે?**

પૂજ્ય બહેનશ્રી : શ્રીમદ્‌માં આવે છે કે પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. અનાદિથી

એકત્વબુદ્ધિ ગાઢ થઈ રહી છે. તેમાંથી તેને પસાર થવું વિકટ લાગે છે. પછી તો તેને માર્ગ સહજ અને સુગમ છે. પોતાના સહજ સ્વભાવને જેણે ઓળખ્યો અને જેને સ્વભાવ પ્રગટ થયો તેને પછી માર્ગ સહજ અને સુગમ છે. જેવી પહેલી ભૂમિકા કઠણ હોય છે તેવી દરેક ભૂમિકા કઠણ હોતી નથી. પુરુષાર્થની ધારા તો બધામાં ચાલુ જ રાખવી પડે છે, પણ પહેલી ભૂમિકા વિકટ હોય છે. ૯.

**શ્રોતા : કાર્ય કેમ નથી આવતું?**

પૂજ્ય બહેનશ્રી : કારણ આપે એટલું કાર્ય આવે. કારણની કચાશે કાર્યની કચાશ છે. પૂરું કારણ ન અપાય ત્યાં સુધી કાર્ય આવતું નથી. કારણ ન અપાય ત્યાં સુધી તેની ભાવના કરવી, ભેદજ્ઞાનની ધારાનો અભ્યાસ કરવો, નિર્વિકલ્પ આત્મા છે, તેની દૃષ્ટિ (રુચિ) કરવી, કારણ પૂરું અપાય ત્યાં સુધી કાર્ય ન આવે, એવો સિદ્ધાંત છે. ન થાય તો સમજવું કે કારણ ઓછું છે, માટે કાર્ય નથી આવતું. તેથી કારણની તીવ્રતા કરવી, તેનો અભ્યાસ ક્ષણે ક્ષણે કરવો તે જ કરવાનું છે. ૧૦.

**શ્રોતા : જીવનના કર્તવ્ય સંબંધી થોડું ફરમાવવા કૃપા કરશોજી.**

પૂજ્ય બહેનશ્રી : આત્મા આનંદનો સાગર છે તેને ગ્રહણ કરવાથી આનંદનો સાગર પ્રગટે છે. તેને ગ્રહણ કરવા માટે નિરંતર ક્ષણે—ક્ષણે અભ્યાસ કરે, તો અંતરમાંથી આનંદનો સાગર પ્રગટે. તે કાંઈ દૂર નથી—ક્યાંય ગોતવા જવું પડે તેમ નથી પોતાની પાસે જ છે. બધા ઉપરથી દૃષ્ટિ પાછી ખેંચીને પોતામાં દૃષ્ટિ કરે તો પ્રગટે. આ બાહ્ય ભાવો ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અર્થાત્ સ્થૂલ પદાર્થો ઉપરથી, શુભભાવો ઉપરથી ને ક્ષણિક ભાવો ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરમાં આનંદનો સાગર આખો છે તે સાગરમાં, કે જેમાં અનંતગુણ-રત્નાકર ભર્યા છે તેમાં જાય તો આનંદનો સાગર પ્રગટે એવું છે. તે કરવાનું છે. પોતાના પુરુષાર્થની ખામીને લઈને પોતે અટકે છે, માટે નિરંતર દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખીને નિરંતર તેનો જ એક અભ્યાસ જીવનમાં હો, બીજું કાંઈ ન હો, એવી ભાવના રાખવી. એક જ્ઞાયકનો અભ્યાસ અને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા તે જીવનનું કર્તવ્ય છે. ૧૧.

**શ્રોતા : સ્વાધ્યાય વધારે કરવો કે મંથન વધારે કરવું?**

પૂજ્ય બહેનશ્રી : જેમાં રસ પડે તે કરવું. ચિંતવનમાં ઉપયોગ ટકે નહિ તો સ્વાધ્યાય કરવી અને વિશેષ સમજવા માટે ચિંતવન કરે, ગમે તે કરે, શાસ્ત્ર સમજણપૂર્વક વાંચે તો તેમાં ભેગું આવી જાય છે. એકલું—એકલું ચિંતવન ઝાઝીવાર ચાલે નહી તો શાસ્ત્ર સાથે રાખવું.

શાસ્ત્ર સાથે રાખવાથી ચિંતવન વધારે દૃઢ થાય છે. આત્માને લગતું ગમે તે કરે. જ્યાં રસ ટકે, પોતાની પરિણતિ ટકે તે કરવું. પોતાને રસ લાગે તે કરવાનું છે. એકદમ ધ્યાનનો પ્રયત્ન કરવાથી સ્વાનુભૂતિ થતી નથી, પહેલાં જ્ઞાન કરે પછી સાચું ધ્યાન હોય. પહેલાં જ્ઞાયકતા ઓળખાય અને પછી ક્ષણે ક્ષણે હું જુદો છું, હું જુદો છું એમ જ્ઞાયક ઉપર દૃષ્ટિ જામે તો સ્વાનુભૂતિ થાય. અંતરદૃષ્ટિ જામ્યા વગર સ્વાનુભૂતિ કોના આધારે પ્રગટ થાય? પહેલાં દૃષ્ટિ જ્ઞાયકમાં સ્થાપવી જોઈએ. ૧૨.

**શ્રોતા : શરૂઆત તો વિકલ્પથી કરવી પડે ને?**

પૂજ્ય બહેનશ્રી : હું શુદ્ધ છું, જ્ઞાયક છું એમ શરૂઆતમાં વિકલ્પ થયા કરે, પણ વિકલ્પની પાછળ નિર્વિકલ્પ તત્ત્વ છે એમ તેનું ધ્યે હોવું જોઈએ. (વિકલ્પ વચ્ચે આવે છે.) છતાં વિકલ્પમાત્રથી નથી થતું, હું તો નિર્વિકલ્પ તત્ત્વ છું એવું ધ્યેય હોવું જોઈએ. જ્ઞાયક છું એવા વિકલ્પ આવે તે હું નથી, હું તો નિર્વિકલ્પતાથી ને આનંદ આદિ ગુણોથી ભરેલો જ્ઞાયક છું અને તે ધ્યેય હોવું જોઈએ. વિકલ્પમાત્ર કરવાથી મેં બધું કરી લીધું એવી દૃષ્ટિ ન હોવી જોઈએ, હજી ઊંડે પહોંચવાનું બાકી જ છે. ૧૩.

**શ્રોતા : કેવા પ્રકારે ઊપડેલો જીવ આગળ જઈ શકે?**

પૂજ્ય બહેનશ્રી : બીજા કોઈ હેતુથી—કોઈ મોટાઈ આદિના પ્રયોજનથી—ઊપડેલો ન હોય, પણ બધું યથાર્થ સમજીને એટલે કે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જેવું સ્વરૂપ છે તેવું બરાબર સમજીને એક આત્માના પ્રયોજનથી ઊપડેલો હોય તે આગળ જઈ શકે છે. ચારે પડખેથી—ચારે બાજુથી સમજણપૂર્વક દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ સમજીને, અને એક મારે આત્માનું જ કરવું છે, આ બધું દુઃખરૂપ છે, આત્મા જ સુખરૂપ છે, એમ અનેક રીતે યથાર્થપણે ઊપડેલો હોય તો તે આગળ જાય છે. કોઈ બીજી જાતની આશા, કીર્તિ—પિપાસા વગરનો અને સમજણપૂર્વક ઊપડેલો હોય તે આગળ જાય છે. ૧૪.

**શ્રોતા : સાધક અને જિજ્ઞાસાવાળા માટે માર્ગ એક જ છે?**

પૂજ્ય બહેનશ્રી : સાધકને માટે અને જિજ્ઞાસુને માટે એક જ માર્ગ છે. જિજ્ઞાસુએ પણ ધ્યેય એક રાખવાનું. આત્માર્થીને ધ્યેય એક જ હોવું જોઈએ કે કેવી રીતે સમ્યગ્દર્શન પ્રગટ થાય? સમ્યગ્દૃષ્ટિને આત્માનો આશ્રય હોય તે મને કેમ પ્રગટ થાય? એવી જાતની ભાવના—જિજ્ઞાસા કરે. બધાંને એક જ માર્ગે જવાનું છે. જિજ્ઞાસુને પણ તે જ કરવાનું છે કે ભવનો અભાવ કેમ થાય? સમ્યગ્દર્શન કેમ થાય? તે ન થાય ત્યાં સુધી અશુભ ભાવથી બચવા માટે શુભ ભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા લાવે, શાસ્ત્રનો અભ્યાસ કરે; પણ ધ્યેય એક જ રાખે

કે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય? ભવનો અભાવ કેમ થાય? ધ્યેય એક જ હોવું જોઈએ. શુભ ભાવથી પુણ્ય બંધાય, પણ એવો પુણ્યનો હેતુ તેને ન હોય. ભવનો અભાવ કેમ થાય? આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય? શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય? એવો જ જિજ્ઞાસુનો હેતુ હોવો જોઈએ. ૧૫.

**શ્રોતા : શ્રદ્ધાનું બળ મંદ કેમ પડી જતું હશે?**

પૂજ્ય બહેનશ્રી : તે બધાનું કારણ પોતે જ છે. તેનું બીજું કારણ નથી. ‘‘કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ’’ પોતાની જ ભૂલ છે, બીજા કોઈનું કારણ નથી. પોતે જ પ્રમાદને કારણે ક્યાંક ને ક્યાંક રોકાઈ જાય છે. પોતાનો પ્રમાદ છે એટલે થઈ શકતું નથી, પુરુષાર્થ ઊપડતો નથી ને તેથી ક્યાંક રોકાઈ જાય છે. પણ પોતાને લાગે કે કરવા જેવું તો આ જ છે, એમ અંદરથી જોર આવે તો પોતે પલટો મારે છે. વળી આકુળતા કે બહુ ખેદ કરવાથી પણ થતું નથી. અતિશય દુઃખ અને આકુળતા કરે કે પ્રમાદ કેમ થાય છે? તો પણ થતું નથી. ક્યાંક-ક્યાંક મૂંઝાઈને ગભરાટ થાય તો પણ થતું નથી. એ તો તેનો સરળતાથી રસ્તો વિચારે કે માર્ગ આ જ છે. પોતે જ્ઞાયક છે, તે જ્ઞાયકને એકને જ ગ્રહણ કરવાનો છે. તે નહિ ગ્રહણ થવાનું કારણ મારી પોતાની ખામી છે. બહારમાં બધે રોકાઈ રહ્યો છું તેથી મારું શ્રદ્ધાનું કાર્ય આવતું નથી. ૧૬.

**શ્રોતા : વચનામૃતમાં આવે છે કે કાર્યની ગણતરી કરવા જેવી નથી, તેમ છતાં પરિણામોમાં કાર્યની ગણતરી થઇ જતી હોય ત્યાં મુખ્ય કારણ શું બનતું હશે? તેનાથી બચવા માટે પ્રયોગાત્મક રીતે શું કરવું?**

પૂજ્ય બહેનશ્રી : કાર્યોની ગણતરી ન કરતાં આત્માને મુખ્ય રાખવો. બહારમાં તે જાતનો રાગ છે એટલે કાર્યની ગણતરી થાય છે. તેને માટે એક આત્મા તરફની જ લગની લગાડે તો બીજાની મહિમા તૂટી જાય. કાર્યોની શી મહિમા છે? આત્મા જ મારે સર્વસ્વ છે અને આત્મામાં જ સર્વસ્વ છે. આમ આત્માને મુખ્ય રાખે અને આત્માની મહિમા આવે તો તે બધું ગૌણ થઈ જાય છે, કોઈ જાતની ગણતરી રહેતી નથી. જેને આત્માની જ મહિમા, લગની અને તે તરફનું સર્વસ્વ રહે છે તેને મેં આટલું કર્યું તો પણ કાંઈ થતું નથી, આટલા વિચારો કર્યા, વાંચન કર્યું, સ્વાધ્યાય-ભક્તિ કરું છું તોપણ થતું નથી તેવી ગણતરી હોતી નથી. પણ તેને આત્મા મુખ્ય રહે છે કે મને આત્મા જ સર્વસ્વ છે. બહારથી જે બધું થાય તેના કરતાં અંતરમાં ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરું, જ્ઞાયકને ગ્રહણ કરું, તેમાં લીનતા કેમ થાય તેના ઉપર તેની દૃષ્ટિ હોય છે. ૧૭.

**શ્રોતા : વચનામૃતમાં આપે કહ્યું કે તીખો અને કરડો પુરુષાર્થ કરવો જોઈએ. તેમાં અમારે વધારે વાંચન કરવું, સત્‌સંગ કરવો કે ધ્યાન ધરવું?**

પૂજ્ય બહેનશ્રી : અંતર-પરિણતિનો વધારે પુરુષાર્થ કરવો. તેમાં તેને જ્યાં રુચિ લાગે તે કરે. પરિણતિને જો વાંચન લાભ કરે છે તેમ લાગે તો વાંચનમાં જોડાય, વિચારમાં લાભ વધારે લાગે તો તેમાં જોડાય ને સત્‌સંગમાં લાભ લાગતો હોય તો ત્યાં જોડાય. અંદર પુરુષાર્થની—જ્ઞાયક ધારાની—ઉગ્રતા કેમ થાય? મારા ચૈતન્ય તરફ મારી પરિણતિ કેમ દૃઢ થાય? મારી પ્રતીતિ દૃઢ થાય કે આ હું ચૈતન્ય જ છું, આ હું નથી—આ એક જ તેના પુરુષાર્થનું ધ્યેય છે. તે ધ્યેયની સાથે જ્યાં જ્યાં તેના પરિણામને ઠીક પડે—પરિણામ જ્યાં ટકી શકે અને વૃદ્ધિ થાય—તેવી જાતનાં કાર્યોમાં જોડાય. ધ્યાનમાં ઠીક લાગતું હોય તો ધ્યાનમાં જોડાય, પણ ધ્યાન યથાર્થ જ્ઞાનપૂર્વક હોય છે. પોતાના સ્વભાવને વિચાર કરીને ઓળખે કે આ જ્ઞાયક તે હું છું, પછી તેમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે. એકાગ્રતા તે તેનું ધ્યાન છે. જો ધ્યાનથી ઉગ્રતા થતી હોય તો ધ્યાન કરે, પણ તે ધ્યાન જ્ઞાનપૂર્વક હોવું જોઈએ. વગર સમજ્યે ધ્યાન કરે કે વિકલ્પ છોડવાનો પ્રયત્ન કરે એટલે કે ક્યાં ઊભા રહેવું છે તેના ભાન વગર ને પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગર ધ્યાન કરે તો લાભ ન થાય. પ્રથમ સમજીને ધ્યાન કરે કે આ ચૈતન્ય તે હું, આ હું નથી. પછી તેમાં એકાગ્ર થવાનો તીખો પુરુષાર્થ કરે, તો એકાગ્રતાનો લાભ થાય. તે યથાર્થ સમજણપૂર્વક હોવું જોઈએ. પણ તેને યથાર્થ જ્ઞાન કરવા માટે વિચાર સાથે વાંચન, સત્‌સંગ હોય. પછી એકાગ્રતા કરવા માટે ધ્યાન કરે; પણ તે સમજણપૂર્વક ધ્યાન હોવું જોઈએ. ૧૮.

**શ્રોતા : આત્મામાં સુખ ભર્યું પડ્યું છે તો તેનો નિર્ણય કરવાની રીત શું?**

પૂજ્ય બહેનશ્રી : આત્મામાં જ સુખ છે એમ આચાર્યદેવે ને ગુરુદેવે જીવનો સ્વભાવ બતાવીને અનેક યુક્તિ અને દલીલથી કહ્યું છે તે ઉપરાંત અમે સ્વાનુભૂતિ કરીને કહીએ છીએ કે આત્મામાં જ સુખ છે. ગુરુદેવે તો ઉપદેશમાં ઘણી ચોખવટ કરીને બધું સૂક્ષ્મ રીતે—અપૂર્વ રીતે સમજાવી દીધું છે. કોઈ જતો હોય તેને માર્ગ કોઈ બતાવે, પણ ચાલવાનું તો પોતાને જ છે, નિર્ણય પોતાને જ કરવાનો છે.

ગમે તે ભાવોમાં, ગમે તે રાગમાં, ગમે તે કાર્યોમાં સુખની કલ્પના કરનારો સુખ માને છે, પણ તે પોતે જ સુખસ્વભાવી છે, સહજ આનંદસ્વભાવી છે. તેને પોતા તરફ દૃષ્ટિ નથી,

તેથી જ્યાં સુખ નથી ત્યાં સુખની કલ્પના કરે છે. કલ્પના કરીને સુખને વેદું છું, એમ માની રહ્યો છે. જે પોતે સુખસ્વભાવી છે તે પરમાં સુખ માની રહ્યો છે; જડ નથી માનતું. સુખસ્વભાવ પોતાનો છે, છતાં જ્યાં ત્યાં આરોપ કરીને સુખની કલ્પના પોતે કર્યા કરે છે. પોતે સુખનો ભંડાર છે, છતાં બીજામાં સુખની કલ્પના કરે છે. દૃષ્ટિ ઊંધી છે તેથી બહાર સુખ માન્યું છે. અંદર સ્વતઃસિદ્ધ અનાદિ-અનંત સુખસ્વભાવ પોતાનો છે. જેમ જ્ઞાન પોતાનું છે, તેમ સુખસ્વભાવ સહજ સ્વરૂપે પોતાનો છે. છતાં જ્યાં ત્યાં કલ્પના કરીને શાંતિ અને સુખ માન્યું છે. આવું પોતે જ માની રહ્યો છે, પણ સુખ પોતામાં છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે મૃગને પોતાની નાભિમાં રહેલી કસ્તુરીની સુગંધ આવે છે છતાં તેને વિશ્વાસ નહિ હોવાથી તે ચારેકોર ગોતે છે. તેમ સુખસ્વભાવી પોતે સુખની કલ્પના જ્યાં ત્યાં બહારમાં કરી રહ્યો છે. સુખનો ભંડાર, સ્વતઃસિદ્ધ આનંદ વસ્તુ પોતે જ છે, તો પણ પોતે જ્યાં ત્યાં સુખ માની રહ્યો છે. ૧૯.

**શ્રોતા : પોતાની સત્તા કેમ સ્વીકારતો નથી?**

બહેનશ્રી : તું પોતે તારાથી જોવાનું કાર્ય કરી રહ્યો છે, પણ તને જોતો નથી એટલે તને એમ થાય છે કે મારે ઈન્દ્રિયથી—આંખથી જોવાનું રહ્યું, મનથી વિચારવાનું રહ્યું, બીજું કાંઈ જોવાનું સાધન ન રહ્યું પણ તું પોતે જ છો. (એ તારા ક્ષયોપશમજ્ઞાનથી જણાય છે.) તે ઈન્દ્રિય તને ક્યાં જણાવે છે? તું તારા જ્ઞાનને તારા તરફ વાળ, તું પોતે જ તને જણાઈશ. આનાથી જણાય, ઈન્દ્રિયથી જણાય, એમ શા માટે લક્ષ કરવું? તારું અસ્તિત્વ છે અને તું શોધી લે. જ્ઞાન લક્ષણથી જ્ઞાયકને ગોતી લે, તેમાં બધાં બહારના આલંબનનાં સાધનો ગૌણ થઈ જાય છે. તે હોય છે, પણ તું પોતાને મુખ્ય કરી લે. સાધનને ગૌણ કરવાં તે તારા હાથની વાત છે.

તું નિરાલંબન જ છો, તેનો નાશ થયો નથી. તું તને મુખ્ય કરીને તેના તરફ જા તો તું પોતે જ છો. પુરુષાર્થ કર તો તું પોતે જ છો. તું તને મુખ્ય કરી લે કે હું જ્ઞાયક જ છું, હું પોતે જ જાણનાર છું, મારો કાંઈ નાશ થયો નથી. આ રીતે જ્ઞાન-લક્ષણને મુખ્ય કરી જ્ઞાયકને તું ઓળખી લે, એટલે બહારનાં આલંબનો ગૌણ થઈ જશે. તું તારું આલંબન લઈ લે. જ્યારે પણ પ્રયત્ન કર ત્યારે બાહ્ય આલંબનને ગૌણ કરવાનાં જ છે, અને તે તારે જ કરવાનું છે. તે પ્રયત્ન વિના પહેલેથી થયેલું હોતું નથી. જ્યારે કર ત્યારે તારે જ ગૌણ કરવાના છે અને તારે જ મુખ્ય થવાનું છે. માટે તું તને મુખ્ય કરીને અને તે બાહ્ય આલંબનને ગૌણ કરીને—ઢીલું પાડીને—તું તને પોતાને શોધી લે. પહેલાં બીજું આલંબન લઈને કરવું પડશે એવું નથી. તું પોતે જ છો. જ્યારે કર ત્યારે તારાથી જ કરવાનું છે. જ્ઞાન-લક્ષણને મુખ્ય તારે પોતાને જ કરવાનું છે. તેને મુખ્ય કરી તારા જ્ઞાયકને તું ઓળખી લે. અન્ય આલંબનને મુખ્ય શું કામ કરે છે?

તે આલંબન ક્યાં જાણે છે? જાણનારો તો તું છો. આલંબન વચ્ચે આવે છે, પણ તે મન કે આંખ ક્યાં જાણે છે? તેથી તેની મહત્તા કરીને આલંબનને શા માટે મુખ્ય કરે છે? અને બહાર જાય છે? માટે તું તારા તરફ વળી જા અને દ્રવ્યને શોધી લે.

જે પોતાને ગોતવાનો છે તે પોતે હાજર જ છે. પોતે હાજર છે, અને પોતાને જ ગોતવાનો છે. એમાં આલંબન ક્યાં તને રોકે છે? તું પોતે રોકાયેલો છો. છૂટો પડીને અંદર જા. અંદર તે રૂપે પરિણમી જતાં નિરાલંબન થઈશ. જે કોઈ નિરાલંબન થયા છે તે બધું ગૌણ કરીને થયા છે. પલટો કરવો તે તારા હાથની વાત છે. જ્ઞાનને પકડવાનો પ્રયત્ન કરવાનો છે. તું પોતે તારાથી જાણી રહ્યો છે, તે જ્ઞાનને સ્વ તરફ વાળી દે. આવે છે ને? કે :—

“આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે,
અક્ષય દર્શન-જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે.”

આલંબન ત્યાગી નિરાલંબન થવું તે પોતાના હાથની વાત છે. સંસારમાં બધાંને પડતા મૂકી દે છે અને પોતાનું ધાર્યું કરે છે ને! ત્યાં પોતાનું ધાર્યું કરે છે. જોકે તે તો બધું ઉદય આધીન છે, તો પણ એવો નિર્ણય કરે છે. પોતે નિશ્ચય કરે કે મારે આમ જ કરવું છે, તો પોતે બીજાનું આલંબન છોડી દે છે. પણ અહીંયાં અજ્ઞાની આલંબનને છોડતો નથી ને આલંબન-આલંબન કર્યા કરે છે.

દેવ-શાસ્ત્ર-ગુરુએ બતાવ્યું તે પ્રમાણે કરવું. તેમણે કહ્યું કે તું નિરાલંબન છો. તું નિરાલંબન થા. તારે જ નિરાલંબન થવાનું છે. ૨૦.

**શ્રોતા : આત્માને પ્રાપ્ત કરવા કેવી જાતની ઉગ્રતા જોઈએ?**

પૂજ્ય બહેનશ્રી : સ્વરૂપ ગ્રહણની ઉગ્રતા જોઈએ. ક્યાંય ચેન ન પડે, વિકલ્પની જાળમાં પણ ચેન ન પડે, ક્યાંય સુખ લાગે નહિ—એટલી અંતરમાં ઉગ્રતા હોવી જોઈએ. મને આ ભાવમાં બહુ આનંદ આવે છે, બહુ રસ પડે છે, તેવું થાય તે બધો વિકલ્પ જ છે, વિકલ્પનો જ આનંદ છે. આનંદ તો ચૈતન્યદ્રવ્યના અસ્તિત્વમાંથી આવવો જોઈએ, તે સહજ આનંદ છે. જ્યાં બધા વિકલ્પ છૂટી જાય છે ત્યાં સહજ આનંદ પ્રગટે છે. જે અંતરમાંથી છૂટો પડી જાય છે તેને સહજ આનંદ આવે છે, તેને કોઈ કૃત્રિમતા આવતી નથી કે મને બહુ આનંદ આવ્યો. તેમ જ આનંદ ઉપર પણ તેની દૃષ્ટિ હોતી નથી.

પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે, તેને સહજ આનંદ અંતરમાંથી પ્રગટે છે. વિકલ્પ કરીને આનંદ વેદવો પડતો નથી. વિકલ્પની દિશા છે તે દિશા આખી પલટીને વિકલ્પથી છૂટો પડે તો સમ્યગ્દર્શન પ્રગટે છે.

ક્ષણે ક્ષણે વિકલ્પથી જુદો છું એવું ભેદજ્ઞાન પહેલાં થવું જોઈએ. જ્ઞાયકની ધારા પહેલાં થાય તો નિર્વિકલ્પ દશા આવે. ૨૧.

**શ્રોતા : આપ વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાનું કહો છો તો તે અભ્યાસ કઈ રીતે કરવો?**

પૂજ્ય બહેનશ્રી : પોતાને બહારમાં શરીર પ્રત્યે, વિભાવ પ્રત્યે એકત્વબુદ્ધિ છે, ત્યાંથી એકત્વબુદ્ધિને તોડીને વારંવાર હું ચૈતન્ય છું, જ્ઞાયક છું તેમ થવું જોઈએ. તે વારંવાર ક્યારે થાય? કે એટલી અંદરની લગની લાગી હોય, જરૂરિયાત લાગી હોય તો થાય. અનાદિની એકત્વબુદ્ધિ છે તેને તોડીને વારંવાર હું ચૈતન્ય છું, ચૈતન્ય છું તેમ શરૂઆતમાં વિકલ્પરૂપે થાય છે. સહજધારા થાય ત્યારે યથાર્થ પરિણમન થાય છે, પણ ત્યાં સુધી ભાવનારૂપે વિકલ્પ હોય છે.

બહારમાં ક્યાંય ચેન ન પડે, એકત્વબુદ્ધિ વખતે પણ ચેન ન પડે. તો પોતાને શોધીને પોતાનો આશ્રય ગ્રહણ કરે. તે ન થાય ત્યાં સુધી શ્રુતનું ચિંતવન કરે, દેવ-શાસ્ત્ર-ગુરુમાં ચિત્ત લગાવે, તે વિચાર કરે કે હું ચૈતન્ય છું, ચૈતન્ય છું, પણ તે ભાવનામાં એકસરખું રહી શકાતું નથી, કારણ કે તે ભાવના સહજ નથી. સહજ નથી એટલે વિચાર બીજે-બીજે જાય—શ્રુતના ને દ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતવનમાં ઊભો રહે. હું જુદો છું, હું જુદો છું, એમ એકના એક વિકલ્પમાં, વિકલ્પવાળો ઉપયોગ છે એટલે ટકી શકતો નથી. તેથી ભાવના એમ રાખે કે હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, અને વારે-વારે અભ્યાસ પણ કર્યા કરે. ઉપયોગ એકમાં ટકી શકતો નથી તેમ જ એક ને એક વિકલ્પવાળું ચિંતવન લૂખું થઈ જાય છે, માટે શ્રુતના ચિંતવનના વિચારમાં રોકાય છે. છતાં કરવાનું તો એક જ છે—ભેદજ્ઞાન કરીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે એમ એક ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. ૨૨.

**શ્રોતા : આત્મા હાથમાં ન આવે ત્યારે કયું પ્રેરક બળ કામનું? તે શું કામ કરે?**

પૂજ્ય બહેનશ્રી : આત્મા હાથમાં ન આવે ત્યાં સુધી વારંવાર પ્રયાસ કર્યા કરવો. હું તો જુદો છું એવા વિચારો કર્યા કરે. પ્રેરણા માટે કરવાનું આ એક જ છે, બીજું નથી. તેની મહિમા ન આવે તો મહિમા લાવે, સ્વભાવ ઓળખવાનો પ્રયત્ન કરે. જિનેન્દ્રદેવે શું કહ્યું? ગુરુએ શું કહ્યું? તે ઉપદેશ યાદ કરે. ગુરુદેવે તો પુરુષાર્થ પ્રગટ થાય તેવી ઘણી પ્રેરણા આપી છે. તે ઉપરાંત શાસ્ત્ર-સ્વાધ્યાય કરે ને વિચાર કરે. પણ કરવાનું અંતરમાં છે. બહાર થોડી સ્વાધ્યાય કરીને કે આ બધું વિચાર-વાંચન કરીને મેં ઘણું કર્યું છે એમ માને તો ન થાય, કેમ

કે કરવાનું અંતરમાં છે. ગુરુદેવનો ઉપદેશ જોરદાર, પુરુષાર્થ ઊપડે તેવો પ્રેરણાદાયક હતો. તું જોર કર.—એમ જોરદાર સિંહગર્જના કરતા. નિમિત્ત તો બળવાન હતું, પણ પોતે જ કર્યું નથી. પોતાની આળસને લઈને પોતે ચૈતન્યને નીરખતો નથી. ''નિજ નયનની આળસે રે, મેં નીરખ્યા ન નયને હરિ'' પોતાની આળસને લઈને પોતે જોતો નથી, પણ પોતે જ છે. ૨૩.

**શ્રોતા : પાત્ર શિષ્યનાં મુખ્ય લક્ષણો સંબંધી થોડું માર્ગદર્શન આપો.**

પૂજ્ય બહેનશ્રી : પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે, બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે. આત્માને એકને મુખ્ય રાખીને તેના દરેક કાર્યો હોય છે. શુભભાવના કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય છે, બીજું બહારનું કોઈ પ્રયોજન તેને હોતું નથી. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે અને આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કાંઈ પ્રયોજન હોતું નથી.---લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે. શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુ અને શાસ્ત્ર તેની કેમ પ્રભાવના થાય તેવી તે પ્રીતિ હોય છે. જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે, બીજો કોઈ અન્ય હેતુ તેને હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે. ૨૪.

**શ્રોતા :—યથાર્થ રુચિનું શું લક્ષણ છે તે સમજાવવા કૃપા કરશોજી.**

પૂજ્ય બહેનશ્રી :—યથાર્થ રુચિ, તીખી રુચિ, ઉગ્ર રુચિ હોય તો વારંવાર પોતા તરફ પુરુષાર્થ ઊપડે છે. યથાર્થ રુચિ છે કે નહિ તે પોતાને વિચારવાનું છે. રુચિ મંદ થઈ જાય છે, તેમાં ઉગ્રતા થતી નથી એટલે ઉપયોગ બહાર ટકી રહે છે, પુરુષાર્થ બહારમાં જાય છે, અંતરમાં જતો નથી. ૨૫.

**શ્રોતા :—જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ વિચાર કરતાં રસ જામતો નથી અને એકાગ્રતા થતી નથી તો શું કરવું?**

પૂજ્ય બહેનશ્રી :—એક ને એક વિકલ્પથી રસ ન જામે એટલે બધું વિકલ્પાત્મક થઈ જાય છે. અંદર એવી જાતની લગની હોવી જોઈએ કે હું ચૈતન્ય છું, હૃદયમાં તેને એવી

વિરક્તિ થઈ જાય કે આ વિભાવ ભાવ તે હું નથી, તો વિભાવનો રસ તૂટી જાય અને ચૈતન્યનો રસ લાગી જાય. વારંવાર વિકલ્પ કરે તે ગોખવા જેવું થઈ જાય, પણ અંદર રસપૂર્વક હું ચૈતન્ય છું એવી પોતાની મહિમા અને રસ લાગવો જોઈએ. રસ એવો લાગવો જોઈએ કે પછી ત્યાંથી છૂટવું મુશ્કેલ પડે. ૨૬.

**શ્રોતા :—હું જ્ઞાયક જ છું, એવી ભાવના વિકલ્પરૂપે ભલે સતત ન રહે; પણ તેની પ્રાપ્તિ નથી થતી તેની ખટક તો સતત રહ્યા કરવી જોઈએ ને?**

પૂજ્ય બહેનશ્રી :—જિજ્ઞાસુને વિકલ્પરૂપે ભાવના સતત નથી રહેતી; પણ તેને એની ખટક તો રહ્યા જ કરે છે. જે જે બધા પ્રસંગો બને, વિભાવની કોઈ પરિણતિ થાય ત્યારે તેને ખટક રહ્યા કરે કે આ મારું સ્વરૂપ નથી, હું તો આનાથી જુદો છું. જુદો થઈ શકતો નથી તેની ખટક રહ્યા કરે છે તો એકત્વબુદ્ધિનો રસ મંદ પડી જાય છે. હું તો જુદો છું એમ પ્રજ્ઞાછીણીથી બે ભાગ નથી પડ્યા; પણ એકત્વનો રસ મંદ પડી જાય છે. હું તો જુદો છું, જ્ઞાયક છું એવી ખટક તો જિજ્ઞાસુને દરેક ક્ષણે રહ્યા જ કરે છે. ૨૭.

**શ્રોતા :—શ્રીમદ્ રાજચંદ્ર વિષે આપ બે શબ્દો કહેવા કૃપા કરશો.**

પૂજ્ય બહેનશ્રી :—શ્રીમદ્ રાજચંદ્ર સમ્યગ્દૃષ્ટિ હતા, સ્વાનુભૂતિ પામેલા હતા. તેઓ નાનપણથી જ વૈરાગી હતા. વિચારશક્તિ તીવ્ર હતી. તેમનું જ્ઞાન ઘણું હતું. ગૃહસ્થાશ્રમમાં રહેતા હતા, પણ ન્યારા રહેતા હતા. સ્વાનુભૂતિ ગૃહસ્થાશ્રમમાં પ્રગટ થયેલી હતી. ૨૮.

**શ્રોતા :—અંદર શું કરવું એ સમજાતું નથી તેથી ફરી ફરીને પૂછવાનો ભાવ આવ્યા કરે છે કે આ કરવું કેવી રીતે?**

પૂજ્ય બહેનશ્રી :—પૂજ્ય ગુરુદેવે ઘણુંય સમજાવ્યું છે, કહેવામાં કાંઈ બાકી રાખ્યું નથી. કેવી રીતે કરવું શું? પોતાનો સ્વભાવ ઓળખીને કરવું. અંદરથી એવી લગની લાગવી જોઈએ, ઓળખાણ કરવી જોઈએ, કે ચૈતન્ય સ્વભાવ શું છે? આ જડ કાંઈ જાણતું નથી ને રાગ જાણતો નથી; પણ હું બધાનો જાણનાર જુદો છું. જાણનારને ઓળખ્યા વિના કામ થતું નથી. આ એક જ કરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી. બહારમાં બધું જાણ્યું, પણ એક આત્માને ન જાણ્યો તો એ બધું નિષ્ફળ જાય છે. એક આત્માને જાણે અને બહારનું ખાસ ન આવડતું હોય તો પણ એમાં બધું આવી જાય છે. આત્માને જાણે, શ્રદ્ધા કરે અને એમાં લીનતા કરે એમાં બધું આવી જાય છે—બધું સમાઈ જાય છે. આત્મામાં લીનતા કરતાં

કરતાં જે પૂર્ણ જ્ઞાનસ્વભાવ છે તે પ્રગટ થાય છે. વીતરાગ દશા, કેવળજ્ઞાન વગેરે બધું આત્મામાંથી પ્રગટ થાય છે.

બહારનું બધું જાણ્યું, પણ એક આત્માને ન જાણ્યો તો તે સફળ નીવડતું નથી. અને એક આત્માને જાણે તો તે બધું સફળ નીવડે છે. આત્માને જાણવો, તેની શ્રદ્ધા કરવી ને તેમાં લીનતા કરવી. પણ એ થાય ક્યારે? કે આત્માનો રસ લાગે ને બહારનો રસ છૂટી જાય ત્યારે એ થાય. આત્માની મહિમા-રસ-તમન્ના લાગે, એના વિના ચેન ન પડે ને વારંવાર એના વિચારો આવે તો થાય. ૨૯.

**મુમુક્ષુ :—ગુરુદેવ બહુ યાદ આવે છે.**

બહેનશ્રી :—ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેઓ કેમ ભુલાય? કુદરત આગળ કોઈનો ઉપાય નથી. એવા મહાપુરુષ તો શાશ્વત રહે એવી ભાવના થાય; પણ કુદરત આગળ કોઈનો ઉપાય નથી. ગુરુદેવે જે ઉપદેશ આપ્યો છે તે અંતરમાં જમાવટ કરી આગળ જવું તે એક જ ઉપાય, અંતરમાં કરવાનો છે.

પદ્મનંદિ આચાર્ય કહે છે કે મારા ગુરુએ જે ઉપદેશની જમાવટ મારા અંતરમાં કરી છે તે ઉપદેશની જમાવટ આગળ મને કાંઈ પ્રિય નથી, પૃથ્વીનું રાજ્ય પણ પ્રિય નથી. પૃથ્વીનું રાજ્ય તો શું, પણ ત્રણ લોકનું રાજ્ય મળે તો પણ તે મને પ્રિય નથી. મારા ગુરુએ જે ઉપદેશની જમાવટ કરી છે તેની મને એટલી ભક્તિ છે કે મારા હૃદયની અંદર બીજા કોઈની મને રુચિ નથી. આ જગતની અંદર શું અપૂર્વ છે? કાંઈ અપૂર્વ નથી. જીવને અનંતકાળમાં બધું મળી ચૂક્યું છે. તેને દેવલોકનાં પદ મળી ચૂક્યાં છે. મોટી-મોટી પદવીઓ મળી ચૂકી છે, પણ તેમાં જીવને ક્યાંય શાંતિ મળી નથી.

ગુરુદેવે તો વર્ષો સુધી વાણી વરસાવી છે અને બધા ભક્તોને તૈયાર કર્યા છે. તેની આગળ બધી બહારની ઋદ્ધિ તુચ્છ છે, બહારના બધા સંયોગો તુચ્છ છે.

જેમ પૂર્વભવનું વીસરાઈ ગયું છે તેમ આ ભવમાં જે બન્યું તે બધું વીસરી જવું. હવેથી નવું જીવન શરૂ કરવાનું છે. ગયો ભવ જેમ ગયો તેમ આ ભવમાં જે થયું તે વીસરી જવું. નવી જિંદગી જાણે કરવાની હોય એવો વિચાર કરવો. ૩૦.



વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## સર્વજ્ઞત્વ શક્તિ

विश्वविश्वविशेषभावपरिणतात्मज्ञानमयी सर्वज्ञत्व शक्तिः।

સર્વજ્ઞત્વના સામર્થ્યથી આત્મા ભરેલો છે. દરેક આત્મામાં સર્વજ્ઞતા શક્તિરૂપે ભરેલી છે, તેનું ભાન થતાં પર્યાયમાં તે પ્રગટ થાય છે. જ્ઞાનસ્વભાવી આત્મામાં જો સર્વજ્ઞશક્તિ ન હોય તો તેની અખંડતા ને પૂર્ણતા સાબિત થાય નહિ. ''જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે; સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.'' શ્રીમદ્ રાજચંદ્રજીએ આ બે વાક્યમાં સર્વજ્ઞસ્વભાવનું રહસ્ય ભરી દીધું છે અને તે સર્વજ્ઞતાનું સાધન રાગ નથી પણ વીતરાગતા તેનું સાધન છે એ પણ બતાવ્યું છે. રાગને જે જ્ઞાનનું સાધન માને તેને આત્માના સર્વજ્ઞસ્વભાવની ખબર નથી.

સર્વજ્ઞતા તે ધર્મનું મૂળ છે; સર્વજ્ઞસ્વભાવની પ્રતીત ઉપર તો ધર્મનો આધાર છે. 'સર્વજ્ઞ' કહેતાં રાગ ને પરાશ્રય બધું એકકોર ઊડી જાય છે, કેમકે જ્યાં રાગ ને પરાશ્રય હોય ત્યાં સર્વજ્ઞતા ન હોય. એટલે રાગ ઉપર કે પરાશ્રય ઉપર દૃષ્ટિ રાખીને સર્વજ્ઞની પ્રતીત થઈ શકે નહિ. આથી કુંદકુંદસ્વામીએ કહ્યું છે કે તારે સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ કરવી હોય તો તારા જ્ઞાયકસ્વભાવની સન્મુખ થા.

જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને આત્માની પ્રતીત કરતાં પર્યાયમાં આનંદનો અનુભવ થાય છે ને સ્વાશ્રયે વીતરાગતા થતાં સંપૂર્ણ સર્વજ્ઞતા પ્રગટી જાય છે. તે સર્વજ્ઞતાના સામર્થ્યવડે આત્મા પોતાના સ્વભાવસન્મુખ રહીને સમ્ત વિશ્વને વિશેષપણે જાણે છે. એક્કેય દિશામાં જેનો અંત નથી એવો અનંત અલોક—કે જેની વચ્ચે અસંખ્ય જોજનનો ને અનંત જીવ અને પુદ્ગલોથી ભરેલો આ લોક તો અનંતમા ભાગનો, એક પરમાણુતુલ્ય છે—તેને પણ તે સંપૂર્ણપણે જાણી લ્યે છે. અલોકનો છેડો ભગવાન ન જાણે (—કેમકે છેડો છે જ નહિ) પણ અલોક જેવો છે તેવો તેને ભગવાન બરાબર જાણે છે. 'અલોકનો છેડો જાણે તો જ અલોકનું જ્ઞાન થયું કહેવાય' એમ કાંઈ નથી. ઊલ્ટું, અલોકને પણ છેડો છે એમ જે માને તેનું જ્ઞાન ખોટું છે. જે છેડા વગરનું અનંત છે તેને છેડા વગરના અનંત તરીકે જ ભગવાન જાણે છે.—એમાં જ્ઞાનની કોઈ અચિંત્ય ગંભીરતા છે, પોતાના અસંખ્યપ્રદેશમાં રહીને જ

અનંતપ્રદેશી અલોકને જાણી લેવાની જ્ઞાનની દિવ્ય તાકાત છે. આવા જ્ઞાનનો જેને મહિમા આવે તેને રાગનો મહિમા રહે નહિ, અલ્પ ઉઘાડનું અભિમાન થાય નહિ; અરે ક્યાં મહાન સર્વજ્ઞતા ને ક્યાં મારું આ અલ્પજ્ઞાન!—આ તો સર્વજ્ઞના અનંતમા ભાગનું છે ને રાગ તો મારી સર્વજ્ઞતાને રોકનાર છે, એટલે જ્ઞાનની ને રાગની જાત એક નથી પણ જુદી છે. તેથી જ્ઞાનસન્મુખ થઈને રાગનો સંપૂર્ણ અભાવ થાય તો જ સર્વજ્ઞતા ખીલે. આમ ધર્મીને જ્ઞાનનો આદર ને રાગનો નિષેધ વર્તે છે.

શરૂઆતમાં (ચોથી) જ્ઞાનશક્તિ વર્ણવી, તે જ્ઞાનશક્તિના પેટામાં જોકે સર્વજ્ઞ સમાઈ જાય છે; છતાં સર્વજ્ઞતાનું ખાસ જુદું વર્ણન કરીને જ્ઞાનશક્તિનું પૂરું કાર્ય અને તેનું મહાન સામર્થ્ય બતાવ્યું છે, સામાન્યપણે જ્ઞાન-જ્ઞાન કરે પણ જો સર્વજ્ઞશક્તિને આ રીતે ન માને તો તેણે જ્ઞાનસ્વભાવી આત્માને ઓળખ્યો નથી.

પરના સંબંધ વગરનો આત્મા પરના કાર્યો કેમ કરે? અને પર તરફની વૃત્તિ (અશુભ કે શુભ) તેના સ્વરૂપમાં કેમ હોય? ભગવાન જિનદેવે તો સર્વજ્ઞશક્તિવાળો આત્મા જોયો છે. જે 'સદા ઉપયોગસ્વરૂપ' છે એવો આત્મા રાગનો કર્તા કેમ હોય? કે અજીવ સાથે એકમેક કેમ હોય? અહો! આ શક્તિઓ બતાવીને આત્માનું અજીવથી ને રાગથી અત્યંત ભિન્નપણું બતાવ્યું છે. આવી શક્તિવાળા આત્માની પ્રતીત કરીને તેમાં લીન થતાં રાગની વૃત્તિનું ઉત્થાન પણ રહેતું નથી. આત્માની સર્વજ્ઞશક્તિ બધાય વિકલ્પોથી પાર છે. સર્વજ્ઞપદમાં પરનો તો અભાવ ને વિકલ્પનોય અભાવ છે. આવા સર્વજ્ઞપદની જેણે પ્રતીત કરી તે જીવ સર્વજ્ઞના ધર્મમાં આવ્યો. માટે કહે છે કે હે જીવ !—

'સર્વજ્ઞનો ધર્મ સુશર્મ જાણી, આરાધ! આરાધ! પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.'

સર્વજ્ઞનો ધર્મ કહો કે આત્માનો સર્વજ્ઞસ્વભાવ કહો; ભાઈ, તને શરણ તો તારો સર્વજ્ઞસ્વભાવ છે, એને ઓળખીને એની આરાધના કર. એની આરાધના સિવાય એટલે કે જ્ઞાનસ્વભાવની સન્મુખતા સિવાય, બીજું કોઈ તને જગતમાં શરણરૂપ થાય તેમ નથી.

અહો ! જગતને સર્વજ્ઞની ઓળખાણ દુર્લભ છે. સર્વજ્ઞ તો લોકાલોકના સમસ્ત પદાર્થોને, તેના દ્રવ્ય-ગુણ-પર્યાયોને, પ્રદેશોને જાણે છે, ભૂત-ભવિષ્યની સર્વે પર્યાયોને દરેકના ભિન્નભિન્ન સ્વરૂપે જાણે છે અને છતાં, માત્ર લોકાલોકને જાણવાવડે સર્વજ્ઞશક્તિનું પૂરું માપ નથી આવતું. સર્વજ્ઞતાનું સામર્થ્ય તો એના કરતાંય અનંતગણું છે. એની સાથે પરમ અતીન્દ્રિય આનંદ, શુદ્ધ જીવત્વ, પ્રભુતા, વિભુતા એવા અનંતધર્મો વર્તી રહ્યા છે.

આવા સંપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમવાની આત્માની તાકાત છે. સર્વને જાણવા છતાં સર્વજ્ઞપણું 'આત્મજ્ઞાનમય' છે. સ્વને જાણનારું જ્ઞાન ને પરને જાણનારું જ્ઞાન એ તો આત્મામય છે; પરને જાણનારું જ્ઞાન કાંઈ પરનું નથી કે પરસન્મુખ નથી, તે જ્ઞાન પણ સ્વનું જ છે. સર્વજ્ઞતા તે આત્મજ્ઞાનમય છે; એટલે આત્માની સન્મુખ રહીને આત્મા સર્વજ્ઞ થાય છે ને સર્વને જાણે છે. આવી સર્વજ્ઞતાની શક્તિ મારામાં ત્રિકાળ છે ને તેમાંથી સર્વજ્ઞતા પ્રગટશે એ રીતે સાધ્યની પ્રતીત સહિત સમ્યગ્દર્શન અને સાધકપણું પ્રગટે છે.

આત્માના સ્વભાવનું એટલે કે આત્માના વૈભવનું આ વર્ણન છે. આત્માને 'જ્ઞાનમાત્ર' કહ્યો, તેથી કાંઈ તેનામાં એકલું જ્ઞાન જ છે એમ નથી, 'જ્ઞાનમાત્ર ભાવ' એટલે રાગ વગરનો ભાવ, તે જ્ઞાનમાત્રભાવમાં તો અનંતગુણોનું પરિણમન સમાયેલું છે, અનંતગુણોનો વૈભવ જ્ઞાનભાવમાં સમાય છે. 'જ્ઞાનમાત્ર આત્મા' એમ કહેતાં તે ભાવ કાંઈ એક ગુણભેદને નથી સૂચવતો પરંતુ અનંતગુણના પિંડસ્વરૂપ જે આત્મતત્ત્વ તેને તે સૂચવે છે. આ રીતે 'જ્ઞાનમાત્ર ભાવ' આખા આત્માને લક્ષિત કરે છે એટલે આત્માના સંપૂર્ણ વૈભવને પ્રસિદ્ધ કરે છે. 'જ્ઞાનમાત્ર' એ જ્ઞાનથી વિરુદ્ધ એવા રાગાદિનો અભાવ સૂચવે છે પણ એ કાંઈ જ્ઞાન સાથેના બીજા અનંતગુણોના અભાવને નથી સૂચવતો. એટલે, જ્ઞાનમાત્ર આત્મામાં સ્થપાયેલી અચલિતદૃષ્ટિથી જોતાં ભગવાન આત્મા અનેકાંતરૂપ નિજવૈભવસહિત પ્રસિદ્ધ થાય છે. આવા આત્માને દૃષ્ટિમાં લઈને પરિણમે ત્યારે આત્મા આત્મારૂપ થયો કહેવાય. પોતાનું જ્ઞાન જ્યાં અંતરમાં વળીને 'લક્ષ્ય' સાથે એકાગ્ર થયું ત્યારે તે જ્ઞાનલક્ષણવડે આવો આત્મા પ્રસિદ્ધ થયો એટલે કે અનુભવમાં આવ્યો. તેમાં અનંત ધર્મો—એકસાથે ઉલ્લસે છે—નિર્મળપણે પરિણમે છે, તેનું આ વર્ણન છે. તેમાં આ દશમી સર્વજ્ઞશક્તિનું વર્ણન ચાલે છે.

જ્ઞાનને અંતર્મુખ કરતાં અનુભવમાં જે આત્મા આવ્યો તે આત્મા સર્વજ્ઞશક્તિ સહિત પરિણમી રહ્યો છે. બધાય આત્મા સર્વજ્ઞશક્તિથી સંપન્ન છે પણ તેને પ્રસિદ્ધ કોણ કરે? કે જ્ઞાન; કેમકે જ્ઞાન પોતે પ્રસિદ્ધ છે. તે પોતે પોતાનું સંવેદન કરનારું છે ને બીજાને પણ તે જાણીને પ્રસિદ્ધ કરે છે. પ્રસિદ્ધ એવું જ્ઞાન લક્ષણ સ્વાનુભવ વડે અનંતધર્મવાળા આત્માને પ્રસિદ્ધ કરે છે ત્યાં કાંઈ આ જ્ઞાન લક્ષણ ને આત્મા લક્ષ્ય એવા ભેદ સ્વાનુભવમાં રહેતા નથી પણ લક્ષણ વડે આત્મસ્વરૂપ સમજવા માટે એટલો ભેદ આવી જાય છે ને સાધકને પહેલાં વિચારદશામાં પણ 'જ્ઞાન તે આત્મા' એવો ભેદ (અભેદ તરફ ઢળતો) આવી આય છે; સ્વાનુભૂતિ વખતે તો એટલોય ભેદ—વિચાર રહેતો નથી, અભેદના આનંદનું જ વેદન છે.

જ્ઞાયક આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત છે; જ્ઞાનશક્તિ તે કારણ, સર્વજ્ઞતા તેનું કાર્ય; કારણની પ્રતીતમાં તેના આવા કાર્યની પ્રતીત પણ ભેગી જ છે. એ રીતે કારણ–કાર્યની સંધિ છે. કારણરૂપ શક્તિની ઓળખાણ થતાં તેના આશ્રયે તેનું કાર્ય પણ થવા માંડે છે.

જ્ઞાન એકલા અનુમાનથી જાણનારું નથી કે પરસન્મુખ થઈને જાણનારું નથી; જ્ઞાનમાં તો સ્વસન્મુખ રહીને સમસ્ત પદાર્થોના અંશેઅંશને ભેદસહિત પ્રત્યક્ષ જાણવાની તાકાત છે. જ્ઞાનની કોઈ ગહન તાકાત છે; એકેક સમયના કારણ–કાર્ય વગેરે સર્વને તે જાણે છે. અનાદિ અનંતકાળમાં ક્યો જીવ ક્યારે મોક્ષ પામશે, ક્યો જીવ તીર્થંકર કે ગણધર થશે, ક્યા સમયમાં ૧૦૮ જીવો એકસાથે અઢીદ્વીપમાંથી મોક્ષ પામશે, આ જીવ આ સમયે સમ્યગ્દર્શન પામશે–એમ બધુંય સર્વજ્ઞતામાં અત્યંત સ્પષ્ટ, નિઃસંદેહ અને વિકલ્પ વગર જણાય છે; જેનો સ્વભાવ જ જાણવાનો, તે કોને ન જાણે? કંઈ પણ બાકી રાખ્યા વગર બધુંય સર્વજ્ઞના જ્ઞાનમાં જણાય છે. ''સર્વ-જ્ઞ' કહેવા અને સર્વને ન જાણે એમ કહેવું એ તો પરસ્પર વિરુદ્ધ થયું. અહો! સર્વજ્ઞશક્તિની અચિંત્ય તાકાત! પણ અહીં તો એમ કહેવું છે કે સર્વજ્ઞ થયા પહેલાં સાધકને પણ પોતાની આવી સર્વજ્ઞશક્તિ પ્રતીતમાં આવી ગઈ છે. સર્વજ્ઞ-શક્તિવાળા આત્માની પ્રતીત વડે તેને સાધકભાવ શરૂ થયો છે; તે સર્વજ્ઞપદનો સાધક થયો છે.

'જ્ઞાનસ્વરૂપ આત્મા'ની પ્રતીતમાં તો કેટલી બધી ગંભીરતા સમાય છે! તેની ગંભીરતાની જગતને ખબર નથી. સમ્યગ્દ્રષ્ટિએ જે જ્ઞાનમાત્ર આત્મા દ્રષ્ટિમાં લીધો તેમાં આ બધુંય ગર્ભિતપણે સમાઈ જાય છે.

આત્માની જ્ઞાનશક્તિ સર્વને જાણવારૂપે પરિણમે છે પણ છતાં તે આત્મા જ્ઞાનમય છે, સર્વજ્ઞસ્વભાવી આત્માને જાણતાં સમસ્ત વિશ્વ સહજભાવે જણાઈ જાય છે–એવી જ કોઈ સ્વ-પરપ્રકાશકશક્તિની નિર્મળતા છે. વિશ્વને જાણવા માટે બહારમાં વિશ્વ સામે જોવું નથી પડતું. સર્વને જાણવાની જ્ઞાનની પોતાની પરમાર્થ–શક્તિ હોવાથી, પરની સાથે સંબંધ વગર જ સર્વે જાણવારૂપે જ્ઞાન પરિણમે છે. પરને જાણવાની જ્ઞાનની જે તાકાત છે તે કાંઈ વ્યવહારથી નથી, તે તો પરમાર્થથી છે; જાણવું એ તો જ્ઞાનનો પોતાનો સ્વાભાવિક ભાવ છે, એમાં કાંઈ પરની ઉપાધિ આવી જતી નથી. સર્વને જાણવાના સામર્થ્યરૂપે પરિણમેલો આત્મા પોતે પોતાને જાણતાં સર્વ જ્ઞેયોને પણ જાણી લ્યે છે, છતાં તે જ્ઞાન તો જ્ઞાનનું જ છે, આત્માનું જ છે; આત્મસન્મુખ રહીને તે જાણે છે, પરસન્મુખ થઈને તે જાણતું નથી. પોતાના અસંખ્યપ્રદેશમાં અનંત પદાર્થોનું જ્ઞાન સમાઈ જાય, એક સમયની પર્યાયમાં ત્રણ કાળના પદાર્થોનુ જ્ઞાન સમાઈ જાય, એવું અચિંત્ય જ્ઞાનસામર્થ્ય છે. આવા જ્ઞાનસ્વભાવની આરાધના કરવી તેનું નામ વીતરાગમાર્ગ છે તે સર્વજ્ઞનો માર્ગ છે. *(ક્રમશઃ)*✱

**શ્રી પુષ્પદંત-કવિકૃત**

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

ત્યારબાદ અનેક ચંડકર્મા કિંકરો નર યુગલને શોધવા નદી કિનારે, નગર, ઉદ્યાન, ઉપવન, પર્વત અને ગુફા આદિમાં ગમન કરવા લાગ્યા. ત્યાં એ હિંસાના અવસરમાં પાર્થિવાનંદ નામના વનમાં સંઘ સહિત સુદત્ત નામના આચાર્ય આવ્યા.

મદનનો નાશ કરવાવાળા શ્રી સુદત્તાચાર્યએ વનનું અવલોકન કરીને એ પ્રકારે કહ્યું કે અહીં પત્ર અને ફળોનો નાશ થતો હોવાથી આ વનમાં સમ, દમ અને યમી સત્ય પુરુષોએ નિવાસ કરવો યોગ્ય નથી.

ત્યારબાદ ઉગ્ર તપથી દેદીપ્યમાન આચાર્યવર યમસ્થાન તુલ્ય સ્મશાન સ્થળે પહોંચ્યા. એ સ્મશાન શિયાળોએ વિદારેલા મૃતકોના સમૂહ અને ભયંકર અવાજ કરતાં કાગડા અને ગૃદ્ધ પક્ષીઓથી ભરેલું હતું. એ સ્મશાન નિષ્ફળ વૃક્ષોના શુષ્ક પત્રો, રાક્ષસોના મુખથી નીકળતાં ઉષ્ણ શ્વાસ તથા શૂળી પર ચઢાવેલા મૃતકોના ક્લેવરથી અત્યંત ભયંકર હતું.

એ સ્થાન ચોરોના સમૂહથી વ્યાપ્ત અને માંસભક્ષી પક્ષીઓ તથા નિશાચરના અવાજથી ગુંજતું હતું. એ ભયાનક સ્થાનમાં ઈન્દ્ર, ચન્દ્ર અને નાગેન્દ્રોના સમૂહ દ્વારા સ્તુતિયોગ્ય મુનિ, આર્યિકા, શ્રાવક અને શ્રાવિકા–એ પ્રકારે ચતુર્વિધ સંઘ સહિત શ્રી સુદત્તાચાર્ય પ્રાસુક અને પવિત્ર શિલા ઉપર બેઠા. એ મુનિસંઘ જીવોની દયામાં તત્પર મહા તપશ્ચરણ વડે શરીરનું શોષણ કરતાં હતા. સ્મશાન સ્થળમાં જિનદીક્ષાનું પાલન કરતાં ક્ષુલ્લક યુગલ કામદેવ નાશક પરમ ઈશ્વર ગુરુને નમસ્કાર કરી તેમની આજ્ઞા લઈને ભિક્ષા માટે ગમન કરવા લાગ્યા.

એ ક્ષુલ્લક યુગલ વિવિધ લક્ષણ સહિત ગાત્ર, પ્રહર્ષિત શરીર, કમલદલનેત્ર, જિનચરણોના ભક્ત, વિષયોથી વિરક્ત, પાપમળ અને મદથી રહિત, જૈન ધર્મમાં પૂર્ણ આસક્ત, નિજ ગુણોથી મહાન, નિજ શરીરની કાંતિથી સૂર્યને આચ્છાદિત કરતા, હાથમાં પાત્ર ધારણ કરેલા, નગર તરફ ગમન કરવા લાગ્યા. એ સમયે નિર્મળ અને તીક્ષ્ણ ખડ્ગ હાથમાં ધારણ કરેલા પાપકર્મમાં તત્પર ચંડકર્મા કિંકરોએ એ બાળવય ક્ષુલ્લક યુગલને જોઈને કહ્યું :

કિંકર :—હે બાળયુગલ! તમારું મળવું ખૂબ જ કષ્ટસાધ્ય હતું જે સહજમાં જ મળી ગયું—એમ કહીને યુગલની નજીક પહોંચી ગયા. ત્યાં દુઃખનાશક, પાપવિઘાતક, સુંદરગાત્ર અને લાવણ્યપુરિત શરીરવંત યુગલને જોઈને કિંકરો પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા.

એક :—ભાઈ! સત્ય કહેજે કે ગમે તેટલી શોધ કરત તોપણ ક્યાંય આવું રૂપવાન યુગલ મળી શકતું હતું? ક્યારેય નહીં.

બીજો :—મિત્ર! આમને લઈ જવાથી મહારાજ પારિતોષિક તો અવશ્ય આપશે જ. ભાઈ! આમના હાથ-પગ કેટલા કોમળ છે? આમનું સૌમ્ય શરીર કેવું હૃદયગ્રાહી છે? હવે જલ્દી આમને લઈને ચાલો, વિલમ્બનો સમય નથી.

ત્રીજો :—ભાઈ! જુઓ તો ખરા, આપણે એમને ઘેરી લીધા હોવા છતાં તેમના મુખમંડળ પર જરા પણ મલીનતા નથી દેખાતી.

અન્ય :—ભાઈ! તું પણ મૂર્ખ જ છો; ધૈર્યવાનોનું કોઈ વિપત્તિમાં મ્લાન મુખ થાય છે શું? ક્યારેય પણ નહીં.

અન્ય :—અરે ભાઈ! તમે બધા જ ઉત્તમ શ્રેણીના મૂર્ખ છો કેમ કે જેમ તેમ કરીને ઇચ્છિત વસ્તુનો લાભ થયો તેમાં પણ પોત પોતાના ગપ્પા મારો છો અને વ્યર્થમાં મોડું કરો છો. હવે જલ્દીથી ચંડિકાના મંદિરે લઈ ચાલો.

આ રીતે બધા કિંકરો ક્ષુલ્લક યુગલને ચંડિકાના મંદિરે લઈ ગયા. જે સમયે કિંકરોએ ક્ષુલ્લક યુગલનો હાથ બાંધીને મનુષ્યોને ભયકારક મસ્તક છેદ કરવાની વાત કરી તે શબ્દો સાંભળીને મદન વિજેતા અભયકુમાર નામના ક્ષુલ્લક મહારાજે પોતાની ક્ષુલ્લિકા બહેનને આ પ્રકારે સંબોધન કર્યું :

ક્ષુલ્લક :—બહેન! આ અવસરમાં મરણની શંકા કરી જરા પણ ભય નહીં કરતી, પરંતુ ભગવાન વીતરાગ અરિહંતદેવને પોતાના હૃદયમાં સ્થાપીને આ પ્રકારે વિચાર કર કે પૂર્વભવમાં જે અશુભ કર્મનું બંધન કર્યું છે તેના ઉદયથી શારીરિક કષ્ટ અવશ્ય થાય છે; તે કારણે કોઈ પણ મારા શરીરનું છેદન કરો, ભેદન કરો, મારા શરીરના રસ, રુધિર આદિનું પાન કરો, માંસનું ભક્ષણ કરો, ગર્દન કાપો પરંતુ ચિરકાળથી જે શાંતિભાવનો અભ્યાસ કર્યો છે તેના અનુસાર મનને શાંત કરવાવાળા મુનિજન અષ્ટગુણ સંયુક્ત સિદ્ધ પર્યાયને પ્રાપ્ત થઈ જાય છે.

કન્યા! કોઈ રાક્ષસ-રાજા તથા કિંકર જો આપણા પૌદ્‌ગલિક શરીરનો ઘાત કરે તો કરો પરંતુ તે જ્ઞાનપૂર્વક આપણા આત્માનો ઘાત નથી કરી શકતા. આવા અવસરમાં જૈનધર્મના જ શરણનું અનુસરણ કરવું યોગ્ય છે.

આ પ્રકારે પોતાના ક્ષુલ્લક ભાઈના ઉપદેશપૂર્ણ વચન સાંભળીને તે ચંદ્રમુખી ક્ષુલ્લકી આ પ્રકારે કહેવા લાગી :

ક્ષુલ્લકી :—ભ્રાતૃવર! તમે જે જિનસૂત્રાનુસાર નિર્મળ અને પવિત્ર ઉપદેશ આપ્યો તે

સર્વથા યોગ્ય છે. મેં આપના કથનની પૂર્વે જ આ વિચાર કરી રાખેલ છે કે મારા આ નાશવાન શરીરનું કોઈ પણ ઘાત કરો પરંતુ હું મારા જીવનને જીર્ણ તૃણ સમાન ગણું છું. મેં ચિરકાળથી જે ઉપશમનો અભ્યાસ કર્યો છે તેને જ નિજ હૃદયમાં ધારણ કરી કર્મોદયના ફળને ભોગવીશ.

આ ઉપર્યુક્ત પ્રકારે પરસ્પર વાર્તાલાપ કરતાં, જિનેન્દ્રનું સ્મરણ કરતાં ક્ષુલ્લક યુગલને યમરાજ સમાન રુદ્ર પદાતિઓ દ્વારા ભૈરવાનંદના કુટુંબને આનંદકારક દેવીના મંદિર પ્રતિ લઈ જવામાં આવ્યા.

એ મંદિરમાં તે ભૈરવાચાર્ય મહાધ્વનિ કરતો, ધનુષ્ય ઉઠાવતો, લોહદંડને ઘુમાવતો, લોખંડ–પિત્તળનાં આભૂષણો ધારણ કરતો, હાથમાં તીક્ષ્ણ છરી રાખતો, પોતાના ગુરુતાભાવને પ્રગટ કરતો, પોતાનું મહત્ત્વ દેખાડતો, સમસ્ત શરીર પર મૃગચર્મ લપેટેલો, પગમાં ઘુંઘરુથી ઝનકાર અને થપથપ શબ્દ કરતો તથા પોતાના વાળને ખોલીને પિશાચ સમાન પૂર્ણ માંસભક્ષી સદશ, ચંડિકાના ચરિત્રનું વર્ણન કરતો, નૃત્ય કરતો, અપૂર્વ દશ્ય બનાવી રહ્યો હતો.

એ જ સમયે ચંડિકા પોતાના નિવાસમાં મોઢામાં મસ્તક ખંડ ધારણ કરી નૃત્ય કરતી હતી. તે દેવીગૃહ પશુઓના રુધિરથી સિંચાયેલું, પશુઓના હાડકાઓની માળા લટકતી, પશુની જીભના પાત્રથી પૂજા થતી, પશુઓની ચરબીના દીપકથી પ્રકાશ થતો ઈત્યાદિ ભયંકર દશ્યયુક્ત દેવીગૃહમાં ચંડિકાદેવી અનેક ક્રીડા કરતી મહાભયાનક દશ્ય દેખાડતી હતી.

માંસલોલુપી નરનાથ મારિદત્ત પણ તે દેવીગૃહમાં બિરાજમાન હતા. દેવીગૃહમાં સ્થિત મારિદત્ત મહારાજે સમાગત શાંતિમુદ્રાયુક્ત અભયરુચિકુમાર ક્ષુલ્લક અને ચંદ્રમુખી ક્ષુલ્લકીનું અવલોકન કરી ઊભા થઈને હાથ જોડી આ પ્રમાણે શબ્દોચ્ચાર કર્યા :

મહારાજ :—શ્રીમાન્ ક્ષુલ્લક મહારાજ અને ક્ષુલ્લીકાજીને મારા સવિનય નમસ્કાર.

ક્ષુલ્લક :—હે શુદ્ધવંશની લક્ષ્મીરુપ કમલિનીના હંસ! હે રાજ ગણેશ! હે ગુણશ્રેણિયુક્ત યોગિરાજ! હે સ્નેહપૂર્ણ દાતા! હે ફળયુક્ત વૃક્ષવત્ નમ્ર! હે કલાકુલકલિત કલાધર! હે જલપુરિત સમુદ્રતુલ્ય ગંભીર! હે રાજન્! તારી ધર્મવૃદ્ધિ હો!

આ પ્રકારે પૂર્ણ નિશાકર સમાન બાળયુગલના શાંતિપૂર્ણ આશીર્વાદ સાંભળીને મહારાજ મારિદત્તના હૃદયમાંથી સમસ્ત રોષનું વિસર્જન થઈ ગયું. એ સમયે મહારાજા પોતાના હૃદયમાં વિચારવા લાગ્યા :

આહાહા! કેવું અનુપમ રૂપ વિધાતાએ બનાવ્યું છે! હા! દુષ્ટ વિધાતા! આ બંને સુકુમાર બાળક ક્યાં આવી ગયા? તેમણે સ્વજનોના સુખનો ત્યાગ કર્યો પણ તેમણે સમુદ્રપર્યંત પૃથ્વીનો ભોગ કેમ ન કર્યો? *(ક્રમશઃ)*

શ્રીમતી અરૂણાબેન સુરેશભાઈ તુરખીયા (શાહ) પરિવાર, ઘાટકોપર
આનંદોલ્લાસ સહ સુવર્ણપુરીમાં ઊજવે છે

# શ્રી જૈન સ્વાધ્યાયમંદિર મહામાંગલિક હીરકજયંતી મહોત્સવ

**તા. ૧૧–૫–૨૦૧૨ થી તા. ૧૩–૫–૨૦૧૨**

આત્માર્થી સ્વાધ્યાયપ્રેમી મુમુક્ષુજનો !

આપણા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી આ યુગનો એક અચંબો છે, આ કાળનું અણમોલ રત્ન છે. આ રત્નની આભા જ્યાં જ્યાં પડી છે તે દરેક વસ્તુ એક ભવ્યતા ધારણ કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જ્યાં ૪૨ વર્ષ સુધી નિવાસ કર્યો અને શ્રુતની ધારા વરસાવી તે શ્રી જૈન સ્વાધ્યાયમંદિર મુમુક્ષુઓ માટે ખરેખર એક તીર્થસ્થાન બની ગયું છે. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીનું ભક્તો દ્વારા નિર્માપિત આ પ્રથમ આયતન છે. તેની સાથે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનાં તથા તે ઊભય ધર્માત્માઓ દ્વારા થયેલ અભૂતપૂર્વ ધર્મપ્રભાવનાનાં ઘણાં મીઠાં સંસ્મરણો સંકળાયેલાં છે. આ વર્ષે જ્યારે ભક્તોના પ્રિય તે આયતનને ૭૫મું વર્ષ બેસે છે ત્યારે તે મધુર સંસ્મરણોની યાદો તાજી થાય તે માટે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા તેના ૭૫મા ઉદ્‌ઘાટન વર્ષને ત્રિદિવસીય મહોત્સવરૂપે ભવ્ય રીતે ઊજવવાનું નક્કી કરેલ છે.

આ સમગ્ર ઉત્સવનો તથા સ્વાધ્યાયમંદિરના જિર્ણોદ્ધારનો લાભ પણ શ્રીમતી અરૂણાબેન સુરેશભાઈ તુરખીયા (શાહ) પરિવાર, ઘાટકોપરને પ્રાપ્ત થયેલ છે.

આ ઉત્સવ તા. ૧૧-૫-૨૦૧૨, શુક્રવારથી તા. ૧૩-૫-૨૦૧૨, રવિવાર (વૈશાખ વદ-૮) સુધી શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન-વિધાન તથા અધ્યાત્મજ્ઞાનોપાસનાના વિવિધ ભક્તિપ્રધાન કાર્યક્રમો સહ સુવર્ણપુરી સોનગઢમાં ઉજવવામાં આવશે.

આત્મકલ્યાણના હેતુભૂત પોણી સદી બાદ આવેલ આ માંગલિક મહોત્સવમાં સર્વ ગુરુભક્તોને પધારવા વાત્સલ્યભીનું આમંત્રણ છે.

નિમંત્રક
શ્રીમતી અરૂણાબેન સુરેશભાઈ તુરખીયા (શાહ) પરિવાર,
ઘાટકોપર(મુંબઈ)ના જય જિનેન્દ્ર

---

શ્રી રૂપાળીબેન તથા અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, હ. પૌત્ર ડો. મિલન (મયંક), પૌત્રી વિમલ, અલિપ્તા તથા જિનબાળ અમરચંદભાઈ ડગલી, લંડન તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી પરિવર્તન દિન—મહાવીરજયંતી અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.

## SMS વિષે સૂચના

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા મોબાઈલ પર મોકલવામાં આવતા ધાર્મિક SMS આપના મોબાઈલ પર પ્રાપ્ત ન થતા હોય તો આપને નીચે મુજબ કાર્યવાહી કરવા વિનંતી.

(૧) હિંદી ભાષા (અંગ્રેજી લિપિ) માં SMS પ્રાપ્ત કરવા માટે તમારા મોબાઈલથી CAPITAL લેટરમાં JOIN SDJSMTH (JOIN પછી SPACE છોડીને) ૯૨૨૦૦૯૨૨૦૦ પર લખીને મોકલો.

(૧) ગુજરાતી ભાષા (અંગ્રેજી લિપિ) માં SMS પ્રાપ્ત કરવા માટે તમારા મોબાઈલથી CAPITAL લેટરમાં JOIN SDJSMTG (JOIN પછી SPACE છોડીને) ૯૨૨૦૦૯૨૨૦૦ પર લખીને મોકલો.

વિશેષ માહિતી માટે નિચેના નંબર ઉપર સંપર્ક કરવો.
02846 244944,
Mo : 9327931999

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત**

## છઢાળા અધ્યયન વર્ષ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે ૧૦મી અધ્યાત્મજ્ઞાન બાલ શિબિર સમયે ''વચનામૃત વર્ષ''ની યોજના કાર્યાન્વિત કરી હતી. આ યોજનાને સમગ્ર મુમુક્ષુ સમાજ તરફથી સારો આવકાર મળ્યો હતો તથા ઘણા મુમુક્ષુઓએ આ જ પ્રકારની બીજી યોજના શરૂ થાય તેવી ભાવના વ્યક્ત કરી હતી.

તેથી ટ્રસ્ટ તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૩મી જન્મજયંતીથી **''છઢાળા અધ્યયન વર્ષ''**ની યોજના કાર્યાન્વિત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ યોજનાના સૌજન્યનો લાભ લેવા માટે **માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ પરિવાર, જલગાંવ** તરફથી ભાવના વ્યક્ત કરવામાં આવી છે તેથી તેમના સૌજન્યથી આ યોજના શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

છઢાળા નામનો લઘુકાયગ્રંથ સમગ્ર દિગંબર જૈન સમાજમાં અત્યંત પ્રચલિત તથા પ્રિય છે. તેને જિનાગમના અભ્યાસના પાઠ્યપુસ્તક તરીકે પણ સ્વીકારવામાં આવ્યો છે. આપણા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ તે ગ્રંથના ભાવોને યથાર્થપણે ખોલનારા કલ્યાણકારી પ્રવચનો પણ કર્યાં છે. તેથી સમગ્ર મુમુક્ષુ સમાજ પૂજ્ય ગુરુદેવશ્રીએ જે પ્રકારે તેના ભાવ સમજાવ્યા છે તે વાતને અંતરમાં ધારણ કરી છઢાળા ગ્રંથનો ઊંડાણથી અભ્યાસ કરે તો તે દરેક માટે આત્મહિતનું કારણ થશે તેમ વિચારી આ યોજનાને કાર્યાન્વિત કરવાનો વિચાર કરવામાં આવ્યો છે. તેનો વિગતવાર પરિપત્ર તૈયાર કરી દરેક મંડળોને પહોંચાડવામાં આવશે.

## વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

# * ધાર્મિક શિક્ષણવર્ગ *

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૧૯-૪-૨૦૧૨ ગુરુવારથી થી તા. ૮-૫-૨૦૧૨ મંગળવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક- શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

# ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૧૨

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૫ થી ૬-૨૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### * માનસ્તંભ-પ્રતિષ્ઠા દિન *

ચૈત્ર સુદ ૧૦ સોમવાર તા. ૨-૪-૨૦૧૨ના રોજ સુવર્ણપુરીના શ્રી સીમંધર માનસ્તંભનો ૬૦મો વાર્ષિક પ્રતિષ્ઠાદિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

### * પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્તિનો વાર્ષિકદિન *

ચૈત્ર વદ-૮, શુક્રવાર તા. ૧૩-૪-૨૦૧૨ના રોજ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

### શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા
### પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૮ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૭૮મા વર્ષનો મંગલ ઉત્સવ શ્રી હીરાચંદ ત્રિભોવનદાસ દામાણી પરિવાર હસ્તે બ્ર. જસીબેન દામાણી, સોનગઢ દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં દ્વિદિવસીય મહોત્સવરૂપે ચૈત્ર સુદ-૧૧ મંગળવાર તા. ૩-૪-૨૦૧૨ થી ચૈત્ર સુદ-૧૩ બુધવાર તા. ૪-૪-૨૦૧૨ સુધી પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી જન્મજયંતી મહોત્સવ સમિતિ, અમદાવાદ

આનંદોલ્લાસ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે

*પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૩મો*

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૩મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી જન્મજયંતિ મહોત્સવ સમિતિ, અમદાવાદ દ્વારા અતિ આનંદોલ્લાસ-પૂર્વક ઉજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૩મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૯-૪-૨૦૧૨ ગુરુવારથી તા. ૨૩-૪-૨૦૧૨ સોમવાર—પાંચ દિવસ સુધી 'શ્રી સમવસરણ વિધાન પૂજા,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

[આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૧૮-૩-૨૦૧૨ રવિવારના રોજ શ્રી રાજેશભાઈ ઝવેરીના સૌજન્યથી રાખવામાં આવેલ છે તો સર્વેને પધારવા વિનંતિ છે.]

*નિમંત્રક*

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી જન્મજયંતિ
મહોત્સવ સમિતિ, અમદાવાદના
જય-જિનેન્દ્ર

આત્મધર્મ
માર્ચ-૨૦૧૨
અંક-૭ * વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**